# સમગ્ર યુરોપમાં વિરોધ પ્રદર્શનો યથાવત, ફ્રાન્સ, ઇટાલી, સ્પેનના શહેરોમાં લોકોની કૂચ



પેરિસ


મિલાન


મેડ્રિડ

યુરોપના ઘણા દેશોમાં શહેરોમાં જીવનનિર્વાહના ખર્ચ, રહેઠાણ, શિક્ષણ, પેન્શન, ભ્રષ્ટાચાર અને રાજકીય જવાબદારીના વધતા વિરોધ પ્રદર્શનો થયા, જેમાં ફ્રાન્સ, ઇટાલી, અલ્બેનિયા, સ્પેન અને પોર્ટુગલમાં મોટા પાયે પ્રદર્શનો થયા. જ્યારે કેટલાક કૂચ શાંતિપૂર્ણ રહ્યા, તો કેટલાક પોલીસ સાથે અથડામણમાં પરિણમ્યા હતા. ફ્રેન્ચ સરકારે અંદાજ લગાવ્યો હતો કે ફ્રાન્સમાં ઓછામાં ઓછા 400,000 લોકોએ કૂચ કરી હતી. ટ્રેડ યુનિયનોએ આ સંખ્યા બમણી હોવાનો અંદાજ લગાવ્યો હતો. આ તરફ ઇટાલીના મિલાન, રોમ અને તુરિનમાં શનિવારે હજારો યુવાનોએ કૂચ કરી હતી. અધિકારીઓએ ગયા સપ્તાહના અંતે થયેલા દેખાવોમાં થયેલી લૂંટ અને હિંસાનું પુનરાવર્તન અટકાવવા માટે વધારાના સુરક્ષા કર્મચારીઓ તૈનાત કર્યા હતા. મિલાનમાં પ્રદર્શન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું, જોકે રોમ અને તુરિનમાં થોડા સમય માટે અથડામણો થઈ હતી. સ્પેનના મેડ્રિડમાં શનિવારે હજારો નિવૃત્ત અને અન્ય પ્રદર્શનકારીઓએ શાંતિપૂર્ણ રીતે કૂચ કરીને સ્પેનની જાહેર પેન્શન પ્રણાલી માટે સુરક્ષાની હાકલ કરી અને ખાનગીકરણ તરફના સંભવિત પગલાંનો વિરોધ કર્યો.

## પાકિસ્તાને એક અઠવાડિયાની બાદ ઈરાન સાથે વેપાર પુનઃ શરૂ કર્યો

**એક** અઠવાડિયાની સ્થગિતતાને કારણે બંને દેશ વચ્ચે માલવાહક વાહનો અટવાઇ ગયા હતા

ઈસ્લામાબાદ, તા. 25 (PTI) પાકિસ્તાને ઈરાન સાથે દ્વિપક્ષીય વેપાર અને સરહદ પારની અવરજવર પુનઃ શરૂ કરવા માટે એક મહત્વપૂર્ણ બોર્ડર ક્રોસિંગ ફરી ખોલ્યું છે. એક અઠવાડિયાની સ્થગિતતાને કારણે માલવાહક વાહનો અટવાઈ ગયા હતા, પુરવઠો ખોરવાઈ ગયો હતો અને શિયાળા પહેલા એલપીજીની અછત અંગેની ચિંતાઓમાં વધારો થયો હતો.

ડોન અખબારના અહેવાલ મુજબ, બલૂચિસ્તાનના ગ્વાદર જિલ્લામાં ગાબદ-રિમદાન ક્રોસિંગ પર શનિવારે વેપાર કામગીરી પુનઃ શરૂ થઈ હતી, જેમાં સરહદી અધિકારીઓએ 16 ઓક્ટોબર અથવા તે પહેલાની કન્સાઇનમેન્ટ નોટ્સવાળા વ્યાપારી માલસામાનને સરહદ પાર કરવાની મંજૂરી આપી હતી.

ગ્વાદર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ મીર નવીદ જાન કાલમાટીએ પુષ્ટિ કરી હતી કે, ગેટ 250 તરીકે ઓળખાતું આ ક્રોસિંગ ફરી ખોલવામાં આવ્યું છે.

કાલમાટીએ જણાવ્યું હતું કે, "પાકિસ્તાને ગાબદ-રિમદાન ખાતે ઈરાન સાથેની સરહદ ખોલી દીધી છે... અને ટ્રકો તથા અન્ય વાહનોને આયાત અને નિકાસના માલસામાન સાથે ઈરાન અને પાકિસ્તાન તરફ જવાની મંજૂરી આપી છે."

આ નિર્ણયનું સ્વાગત કરતા કાલમાટીએ જણાવ્યું હતું કે, સરહદ પારનો વેપાર પુનઃ શરૂ થવાથી બંને બાજુ અટવાયેલા વેપારીઓ અને પરિવહનકારોને તાત્કાલિક રાહત મળશે.

કાલમાટીએ કહ્યું કે, પુનઃસ્થાપિત સપ્લાય ચેઇનથી દેશવ્યાપી એલપીજી અછતમાં રાહત મળવાની અને સમગ્ર પાકિસ્તાનમાં ઉર્જા અને ખાદ્યપદાર્થોના વધતા ભાવમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

## ઈઝરાયેલની ચૂંટણી પહેલા વેસ્ટ બેન્કમાં મોટું લશ્કરી અભિયાન

**હેબ્રોનમાં** ગોળીબારમાં બે ઇઝરાયેલી સૈનિકોનાં મોત પછી કાર્યવાહી શરૂ કરવામાં આવી

**૪૦૦થી** વધુ સ્થળે દરોડા, ૪૦ની ધરપકડ: અવર જવર પર મોટા નિયંત્રણો

તેલ અવીવ, ૨૫ ઓક્ટોબર (AP): શુક્રવારે હેબ્રોનમાં થયેલા ગોળીબારના હુમલામાં બે ઈઝરાયેલી સૈનિકોનાં મોત અને અન્ય ત્રણ ઘાયલ થયા બાદ, તેના જવાબમાં ઈઝરાયેલી સેનાએ રવિવારે પણ કબ્જા હેઠળના વેસ્ટ બેંકમાં એક મોટું સૈન્ય અભિયાન ચાલુ રાખ્યું હતું.

આ કાર્યવાહીના કારણે સેંકડો પેલેસ્ટાઈનિઓ વિસ્થાપિત થયા છે અને લોકોની અવરજવર પર મોટા નિયંત્રણો લાદવામાં આવ્યા છે.

આ સૈન્ય અભિયાન એવા સમયે થઈ રહ્યું છે જ્યારે ઈઝરાયેલમાં તંગદિલી ભર્યા વાતાવરણ વચ્ચે ચૂંટણીના અંતિમ દિવસો ચાલી રહ્યા છે.

આ ચૂંટણીને છેલ્લા ત્રણ વર્ષના યુદ્ધ દરમિયાન વર્તમાન વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નેતૃત્વ અને તેમની સુરક્ષા નીતિઓ પરના જનમત તરીકે જોવામાં આવી રહી છે.

ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે, પરમિટ ધરાવતા મોટાભાગના પેલેસ્ટાઈની કામદારોને રવિવાર અને સોમવારે કબ્જા હેઠળના વેસ્ટ બેંકમાં કામ માટે ઈઝરાયેલી વસાહતોમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં, અને મંગળવારે ઈઝરાયેલની ચૂંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈઝરાયેલમાં પ્રવેશ માટેના ક્રોસિંગ બંધ રહેશે.

સેનાએ જણાવ્યું હતું કે તેમણે વીકએન્ડ દરમિયાન ૪૦૦થી વધુ અલગ-અલગ સ્થળોએ કામગીરી કરી હતી અને હમાસ અથવા પેલેસ્ટાઇન ઈસ્લામિક જેહાદ સાથે જોડાયેલા હોવાનો દાવો કરીને ૪૦ પેલેસ્ટાઈનીઓની ધરપકડ કરી હતી.

સેનાના જણાવ્યા અનુસાર આ અભિયાન રવિવારે પણ તે જ તીવ્રતાથી ચાલુ છે. હેબ્રોન નગરપાલિકાએ જણાવ્યું હતું કે આ સૈન્ય કાર્યવાહીના કારણે ૨,૨૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે, જેમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૩૦૦ બાળકોનો પણ સમાવેશ થાય છે.

હેબ્રોનના મેયર ઝુહેર અલ-જબાડીના જણાવ્યા અનુસાર, શહેરના તમામ પ્રવેશ અને નિકાસ દ્વારો સીલ કરી દેવામાં આવ્યા છે, જેમાં સૈન્ય કાર્યવાહીનું મુખ્ય કેન્દ્ર 'દેર બલ્હા' અને 'અલ-જલ્દા' નામનો બીજો વિસ્તાર છે.

## કેરળમાં જજના સગીર પુત્ર દ્વારા ચલાવાતી કારની ટક્કરે બાઈકચાલકનું મોત

કોચી, તા. 25 (PTI): રવિવારે વહેલી સવારે એક એડિશનલ સેશન્સ જજના સગીર પુત્ર દ્વારા કથિત રીતે હંકારાતી મર્સિડીઝ-બેન્ઝ કારે દ્વિચક્રી વાહનને ટક્કર મારતાં 54 વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. એમ પોલીસે જણાવ્યું હતું. આ ઘટના અહીં ચેરાનેલ્લુર પાસે સવારે 2 થી 3 વાગ્યાની વચ્ચે બની હતી. ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કાર જજના નામે રજિસ્ટર થયેલી હતી. મૃતકની ભત્રીજીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ફૂડ સ્ટોલ ચલાવીને તેના કાકા પોતાનું ગુજરાન ચલાવતા હતા અને જ્યારે આ અકસ્માત થયો ત્યારે તેઓ ઘરે પાછા ફરી રહ્યા હતા.તેણે દાવો કર્યો હતો કે કાર અતિ ઝડપે ચલાવવામાં આવી રહી હશે. કારણ કે, તેના કાકાનું સ્કૂટર ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયું હતું અને તેઓ વાહન પર જે વિવિધ વસ્તુઓ લઈ જઈ રહ્યા હતા તે અકસ્માત સ્થળની આસપાસ વિખરાઈ ગઈ હતી.

પેજ 3

## 40 વર્ષમાં પહેલીવાર રજનીકાંતે ફેન્સ સાથે થિયેટરમાં જઇને ફિલ્મ જોઈ



ચેન્નાઈ\R, તા. 25 : સાઉથ સિનેમાના સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ\R 'જેલર ૨\R' બોક્સ ઓફિસ પર કમાણી કરી રહી છે ત્યારે રજનીકાંતે ચેન્નાઈના એક થિયેટરમાં જઇને પહેલીવાર થિયેટરમાં ચાહકો સાથે બેસીને ફિલ્મ જોતા તેના ચાહકો ઉત્સાહિત થયા હતા. \R દશકોથી દર્શકોનાં દિલો પર રાજ કરનાર રજનીકાંતે શુક્રવારે 40 વર્ષમાં પહેલીવાર ખુદ ફેન્સની વચ્ચે પોતાની ફિલ્મ જોવા પહોંચ્યો\R હતો\R, જેનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. રજનીકાંતની સાથે સંગીતકાર અનિરુદ્ધ રવિચંદર, તેનો પૌત્ર લિંગા અને ફિલ્મના દિગ્દર્શક નેલ્સન દિલીપકુમાર પણ થિયેટરમાં હાજર હતા. સિતારા એન્ટરટેઈનમેન્ટ્સે તેના X એકાઉન્ટ પર આ ક્ષણ શેર કરી અને લખ્યું, 40 વર્ષમાં પહેલી વાર, સુપરસ્ટાર રજનીકાંત તેમના ચાહકો સાથે જેલર 2 મોટા પડદા પર જોવા માટે જોડાયા !

## ગાયિકા શિલ્પા રાવના ચાલુ શોમાં માઈક બંધ કરી દેવાયુ, વિવાદ વધતા આયોજકોએ માફી માગી



મુંબઈ, તા. 25 : અહીં આયોજિત બોલીવુડ મ્યુઝિક પ્રોજેક્ટની 10મી વર્ષગાંઠની ઉજવણીમાં બોલિવૂડ ગાયિકા શિલ્પા રાવના 24 ઓક્ટોબરના ચાલુ શોમાં અચાનક તેનું માઇક્રોફોન અને ઓડિયો સાધનો બંધ કરી દેવાતા ચાહકોમાં રોષ ફેલાયો છે. શિલ્પાએ પોતે સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ પોસ્ટ કરી છે. સોશિયલ મીડિયા પર લોકોએ ઇવેન્ટ મેનેજમેન્ટની ટીકા કરી. ઘણા દર્શકોએ તેને કલાકારનું અપમાનજનક ગણાવ્યું અને #JusticeForShilpaRao ઓનલાઈન ટ્રેન્ડ થવા લાગ્યું. જેને પગલે આયોજકો દ્વારા માફી માગવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં, આયોજકોએ કહ્યું હતું કે સ્થાનિક સત્તાવાળાઓની માર્ગદર્શિકા અને સ્થળ પરના કર્ફ્યુ નિયમોને કારણે થયેલા વિલંબને કારણે આ કાર્યક્રમનો પ્રારંભિક અંત કરાયો હતો. જો કે શિલ્પા પછી તેના સાથી કલાકાર કુટલે ખાને પોતાનો સેટ શરૂ કર્યો હતો.

## સુનીતા મારો પ્રથમ પ્રેમ છે, અમે હિન્દુ છીએ આપણા ધર્મમાં 'તલાક' શબ્દ નથી : ગોવિંદા



મુંબઈ, તા. 25 : બોલિવૂડના'હીરો નંબર વન' ગોવિંદા છેલ્લા કેટલાક સમયથી પોતાની ફિલ્મો કરતાં પત્ની સુનીતા આહુજા સાથેના ઉતાર-ચઢાવભર્યા સંબંધોને કારણે ચર્ચામાં રહ્યા છે. આ દરમિયાન એક તરફ જ્યાં ગોવિંદાના અફેરની ચર્ચાઓ શરૂ થઈ, તો બીજી તરફ સુનીતાએ કોર્ટમાં છૂટાછેડાની અરજી પણ પાછી ખેંચી લીધી. હવે 62 વર્ષીય અભિનેતાએ કહ્યું છે કે સુનીતા તેનો પહેલો પ્રેમ છે. હું ક્યારેય તેને જાહેરમાં શરમમાં મૂકવા માગતો નથી. તેણે કહ્યું કે તેની પત્ની જે પણ કહી રહી છે, તે બાળકો માટે છે. જ્યાં સુધી છૂટાછેડાની વાત છે, તો તે શક્ય નથી. કારણ કે, તે હિન્દુ વ્યક્તિ છે અને આ ધર્મમાં 'તલાક' શબ્દ છે જ નહીં.

## પ્રસિદ્ધ શેફ કે દામોદરન ઉર્ફે દામુનું 72 વર્ષની વયે અવસાન



ચેન્નાઈ, તા. 25 : પ્રસિદ્ધ શેફ અને ટેલિવિઝન હસ્તી ડો. કે. દામોદરન ઉર્ફે શેફ દામુનું આજે રવિવારે 72 વર્ષની વયે અવસાન થયું છે. શેફ દામુ તમિલ ટેલિવિઝન પર તેમના કુકિંગ શોથી ઘરે-ઘર જાણીતા બન્યા હતા. તમિલનાડુમાં જન્મેલા દામોદરનનો ખાવાનું બનાવવાનો શોખ આગળ વધીને હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીમાં એક ઉત્તમ કરિયરમાં પરિવર્તિત થયો. દામોદરને 2004માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી હોટલ મેનેજમેન્ટ અને કેટરિંગ ટેક્નોલોજીમાં પીએચડીની ડિગ્રી મેળવી હતી. વાનગી બનાવવાની રીતને સરળ રીતે સમજાવવાની ખૂબીથી તેઓ દર્શકોમાં પ્રિય હતા. ડિસેમ્બર ૨૦૧૦માં દામુએ ૨૪ કલાક ૩૦ મિનિટ અને ૧૨ સેકન્ડ સુધી સતત રસોઈ બનાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું હતું.



## પ્રસિદ્ધ બંગાળી ચિત્રકાર જોગન ચૌધરીનું 87 વર્ષની વયે નિધન

કોલકાતા, તા. 25 (PTI) પ્રખ્યાત ચિત્રકાર જોગન ચૌધરીનું રવિવારે સવારે કોલકાતાની એક ખાનગી હોસ્પિટલમાં દુર્લભ પ્રકારના બ્લડ કેન્સર સામે લાંબી લડાઈ બાદ 87 વર્ષની વયે નિધન થયું હતું. રૂબી જનરલ હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટીએમસીના ભૂતપૂર્વ સાંસદ ચૌધરી છેલ્લા 14 મહિનાથી માયલોપ્રોલિફરેટિવ નિયોપ્લાઝમ નામના દુર્લભ પ્રકારના બ્લડ કેન્સરથી પીડાતા હતા અને તેમની કીમોથેરાપી ચાલી રહી હતી. હોસ્પિટલે જણાવ્યા અનુસાર, તેમને 16 ઓક્ટોબરે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમણે સવારે 10.15 વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધન પર શોક વ્યક્ત કરતા મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે, ચૌધરીની કૃતિઓ યુગો સુધી અમર રહેશે. માજી સીએમ મમતા બેનરજીએ કહ્યું કે ચૌધરી બંગાળ અને ભારતનું ગૌરવ હતા.

## દુબઈના વિશાળ સોનાના ઝુમકાએ નોંધાવ્યા બે ગિનીસ રેકોર્ડ

**આ** બે ઝુમકા બનાવવા પાછળ 55 કારીગરોએ 5,840 કલાક સુધી કામ કર્યું




દુબઈ, તા. 25 : જોયાલુક્કાસ જ્વેલરીએ દુબઈમાં 16.5 કિલોગ્રામ વજનના સોનાના ઝુમકાની જોડી રજૂ કરી છે, જેણે બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે. 55 કારીગરો દ્વારા 5,840 કલાકમાં તૈયાર કરાયેલ આ વિશાળ કાનની બુટ્ટીઓની લંબાઈ 1.215 મીટર છે.

દુબઈમાં સોનાની બનેલી 16 કિલોગ્રામથી વધુ વજનની ઝુમકાની જોડીએ બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે, જેના કારણે આ પારંપરિક જ્વેલરી એક રેકોર્ડ-બ્રેકિંગ આશ્ચર્ય બની ગઈ છે. 'મયૂર સહસ્ર' નામની 22 કેરેટની આ કૃતિ જોયાલુક્કાસ જ્વેલરી દ્વારા કેટલાક મહિનાઓની મહેનતથી બનાવવામાં આવી છે.

આ આકર્ષક ઝુમકા 24 ઓક્ટોબરે દુબઈ ગોલ્ડ ડિસ્ટ્રિક્ટ સ્થિત 'જ્વેલ ઓફ જોય' શોરૂમમાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. 'ગલ્ફ ન્યૂઝ'ના અહેવાલ મુજબ, આ અનાવરણ પ્રસંગે યુએઈના અર્થતંત્ર અને પ્રવાસન મંત્રી અબ્દુલ્લા બિન તૌક અલ મર્રી ઉપસ્થિત રહ્યા હતા.

1.215 મીટર લંબાઈ અને 0.682 મીટર વ્યાસ ધરાવતા આ ઝુમકા લગ્નો અને તહેવારોના પ્રસંગોએ પહેરવામાં આવતા નાજુક ઝુમકાઓથી તદ્દન અલગ છે. તેનું કદ અને વજન ન માત્ર સોનાની માત્રા દર્શાવે છે, પરંતુ આ ઉત્કૃષ્ટ કારીગરીનો પણ અદભુત નમૂનો છે.

અહેવાલ મુજબ, આ શાનદાર જોડીને તૈયાર કરવા માટે 55 કુશળ કારીગરોને કેટલાક મહિનાઓ લાગ્યા હતા અને કુલ 5,840 કલાકનું કામ કરવું પડ્યું હતું. આ ડિઝાઇન ભારતીય સંસ્કૃતિમાં સૌંદર્ય અને શાલીનતાના પ્રતિક ગણાતા મોરથી પ્રેરિત છે,

જ્યારે દક્ષિણ એશિયાના પારંપરિક ઝુમકાનો જાણીતો ઘંટડી જેવો આકાર જાળવી રાખવામાં આવ્યો છે. 'મયૂર સહસ્ર' નામ આ રચના પાછળની મોરથી પ્રેરિત થીમને પ્રતિબિંબિત કરે છે.ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, જોયાલુક્કાસે સાર્વજનિક રૂપે અનાવરણ થાય તે પહેલાં, 12 ઓક્ટોબરે સોનાના સૌથી ભારે કાનની બુટ્ટીઓની જોડીનો રેકોર્ડ સત્તાવાર રીતે પોતાના નામે કર્યો હતો. આ કૃતિને વિશ્વની સોનાની કાનની બુટ્ટીઓની સૌથી મોટી જોડી તરીકે પણ માન્યતા મળી છે.

## ભારતની લડાયક અસ્ક્યામતોનું વિભાજન થવું જોઈએ નહીં : એર ચીફ માર્શલ

**લશ્કરના** થિયેટરાઇઝેશનની યોજનામાં તબક્કાવાર આગળ વધવાની એપી સિંહની તરફેણ

**ઓપરેશન** સિંદુરમાં ભારતીય હવાઇ દળની ઉત્કૃષ્ટ કામગીરી ઉજાગર કરી

નવી દિલ્હી, ૨૫ ઓક્ટોબર (PTI): થિયેટરાઇઝેશન (લશ્કરી થિયેટર કમાન્ડ) યોજના પર પોતાની પ્રથમ વ્યાપક રજૂઆતમાં, વાયુસેના પ્રમુખ (ચીફ ઓફ એર સ્ટાફ) એ.પી. સિંહે રવિવારે જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના ફાઇટર મિલકતો (વિમાનો) નું ભૌગોલિક રીતે કાયમી વિભાજન કરવાના પક્ષમાં નથી. તેમણે વિદેશી મોડેલોનું અંધાનુકરણ કરવાને બદલે ભારતની ચોક્કસ સુરક્ષા જરૂરિયાતોને અનુરૂપ માળખું બનાવવાની વકાલત કરી હતી.

PTI સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં, એર ચીફ માર્શલે જણાવ્યું હતું કે થિયેટરાઇઝેશનનો માર્ગદર્શક સિદ્ધાંત જ્યાં જરૂર હોય ત્યાં "કેન્દ્રીય નિયંત્રણ" અને જ્યાં યોગ્ય હોય ત્યાં "વિકેન્દ્રીય અમલીકરણ" હોવો જોઈએ. તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં ચાલી રહેલા સંઘર્ષોનો ઉલ્લેખ કરતા ભારપૂર્વક કહ્યું કે હવાઈ શક્તિ લશ્કરી પરિણામોને નિર્ણાયક મોડ આપી શકે છે. આ યોજનામાં તબકકાવાર આગળ વધવાની તેમણે તરફેણ કરી હતી.

આઝાદી પછીના ભારતના સૌથી મહત્વાકાંક્ષી લશ્કરી સુધારા તરીકે ૨૦૧૯માં જાહેર કરાયેલી થિયેટરાઈઝેશન યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વધુ સારા કાર્યાત્મક સમન્વય માટે ત્રણેય સેનાઓને (ભૂમિસેના, નૌકાસેના અને વાયુસેના) એકીકૃત કરવાનો છે. પ્રસ્તાવિત માળખામાં ત્રણ એકીકૃત કમાન્ડની કલ્પના કરવામાં આવી હતીઃ

ચીન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લખનૌમાં નોર્ધન થિયેટર કમાન્ડ, પાકિસ્તાનના પડકારોને પહોંચી વળવા માટે જયપુરમાં વેસ્ટર્ન થિયેટર કમાન્ડ અને થિરુવનંતપુરમમાં મેરીટાઇમ થિયેટર કમાન્ડ.જો કે, પ્રસ્તાવિત કમાન્ડ માળખા અંગે ત્રણેય સેનાઓ વચ્ચેના ભિન્ન વિચારોને કારણે પ્રગતિ અટકી ગઈ છે. ભારતીય વાયુસેના આ યોજનાને ઉતાવળમાં અમલમાં મૂકવા સામે સાવચેત કરી રહી છે અને પ્રસ્તાવિત માળખા હેઠળ પોતાના ફાઇટર સ્ક્વોડ્રનને વિભાજિત કરવા સામે સખત વાંધો ધરાવે છે. 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતા એર ચીફ માર્શલ સિંહે જણાવ્યું હતું

